આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૦૫-૦૮-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## મુખ્યમંત્રી-CM ફેલોશિપ કાર્યક્રમ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશીપ કાર્યક્રમ અંતર્ગત યુવાનો સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આ તક વિદ્યાર્થીઓ માટે તો લાભદાયી થશે જ સાથોસાથ સરકારને ભાવિ નીતિ-ઘડતર અને કાર્યક્રમ અમલીકરણ માટે તથા સમાજ જીવનમાં કરોડો લોકોને પણ ઉપયોગી નીવડશે.

આ પસંદ થયેલા યુવાનો સ્પીપામાં પ્રારંભિક તાલીમ પૂરી કરીને હવે રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં જનહિતકારી પ્રોજેક્ટ્સના અમલીકરણ, અભ્યાસ, ડેટા એનાલિસિસ અને ઈનોવેશન માટે કાર્યરત થયા છે.

રાજ્ય સરકારે આ કાર્યક્રમમાં મેનેજેન્ટ સંસ્થા આઈ.આઈ.એમ. અમદાવાદને શૈક્ષણિક ભાગીદાર તરીકે જોડી છે અને આઈ.આઈ.એમ. આ યુવાઓને તાલીમ માટે મેન્ટર તરીકે સેવાઓ આપે છે.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-કંપની સેક્રેટરી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં ધ ઇન્સ્ટિટયૂટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઇન્ડિયાના ૫૧મા સ્થાપના દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, ગ્લોબલ કોમ્પિટિશન માટે 'મેક ઇન ઇન્ડિયા'ને હવે 'મેડ ઇન ઇન્ડિયા' બનાવવાનું છે. દેશનું અર્થતંત્ર ત્રીજા સ્થાને લઈ જવામાં કંપની સેક્રેટરી પણ સૌથી મોટો ફાળો આપી શકે છે. દેશનું અર્થતંત્ર

પાંચમા સ્થાને આવ્યા બાદ દેશના નાનામાં નાના માણસની પ્રગતિ થઈ છે અને વાઇબ્રન્ટ ગુજરાત સમિટના કારણે આજે દેશની ૫૦૦ મોટી કંપનીઓમાંથી ૧૦૦ જેટલી કંપનીઓ ગુજરાતમાં છે તેમ તેમણે જણાવ્યું હતું.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## કેન્દ્રીયમંત્રી-સુરત

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સુરતના ગોડાદરા ખાતે અંદાજિત ૨૩૦ કરોડ ૫૦ લાખના ખર્ચે વિવિધ પ્રકલ્પોનું ખાતમૂહુર્ત કર્યું.. સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં બ્રિજ અને હાઇડ્રોલિક વિભાગ તેમજ રેલવે ઓવરબ્રિજ, ફ્લાય ઓવરબ્રિજને જોડતો રેમ્પ, ફ્લાય ઓવરબ્રિજ મળીને ૧૭૧ કરોડ ૯૧ લાખના વિકાસ કાર્યો તેમજ અન્ય કામો સહિત ૨૩૦ કરોડથી વધુ વિકાસ કાર્યોનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલે કહ્યું કે, સુરત શહેરનો વિકાસ દેશના અન્ય શહેરો માટે પ્રેરણારૂપ છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## રાજ્ય-હવામાન-વરસાદ આગાહી

રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે. ત્યારે હવામાન વિભાગે આજે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને દક્ષિણ ગુજરાતમાં વલસાડ, નવસારી અને દમણ, દાદરાનગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે અને રેડ એલર્ટ જાહેર કરાયું છે.

આ ઉપરાંત પાટણ, મહેસાણા, સુરત, તાપી અને ડાંગ જીલ્લામાં અતિભારે વરસાદની આગાહી કરતા હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.. જ્યારે અમદાવાદ, ગાંધીનગર, ખેડા, અરવલ્લી, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહિસાગરમાં ભારે વરસાદ માટે યલો એલર્ટ આપ્યું છે. જ્યારે અન્ય સ્થળોએ

**30**થી **40** કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાવાની અને મધ્યમથી હળવા વરસાદની શક્યતા હવામાન વિભાગે દર્શાવી છે.

**(RNU અમદાવાદ)**

---

## કચ્છ-હવામાન-વરસાદ આગાહી

કચ્છ જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વાદળોથી ઘેરાયેલા વાતાવરણ વચ્ચે જીલ્લામાં કોઈ જગ્યાએથી નોંધપાત્ર વરસાદ થયાના અહેવાલ નથી. જીલ્લા મથક ભુજ સહિત જીલ્લામાં છુટાછવાયા સ્થળોએ ઝરમરીયો વરસાદ થયો છે. હવામાન વિભાગે જીલ્લામાં આગામી ચાર દિવસ માટે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

**(આશુતોષ અંતાણી/NP)**

---

## કચ્છ-વરસાદ ટકાવારી

દરમ્યાન કચ્છ જીલ્લામાં ગત વરસની સરખામણીએ 50 ટકા ઓછો વરસાદ થયો છે. આ અંગે ગુજરાત રાજ્ય આપતિ વ્યવસ્થાનપન વિભાગ પાસેથી પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર કચ્છ જીલ્લામાં જુન મહિનામાં 22 ટકા વરસાદ બાદ જુલાઈ માસના અંત સુધી વધુ 63 ટકા મળી કુલ 85 ટકા વરસાદ નોંધાય છે.

**(આશુતોષ અંતાણી/NP)**

---

## શ્રાવણમાસ- આરંભ-કચ્છ

દેવાધિદેવ મહાદેવની ભક્તિ-પુજા-અર્ચનાના પવિત્ર માસ શ્રાવણ માસનો આજે યોગાનુયોગ સોમવારથી જ પ્રારંભ થઈ રહ્યો છે. જીલ્લાભરના નાના-મોટા શિવાલયોમાં સંપુર્ણ માસ દરમ્યાન લઘુરૂદ્ર, સમુહ મહીમ્ન સ્ત્રોત્ર પઠન,શિવકથા,મહાઆરતી સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં

આવ્યુ છે. શિવ મંદિરોને રોશનીથી શણગારવામાં આવ્યા છે. યોગાનુંયોગ આ વખતે શ્રાવણ માસની પુર્ણાહુતિ પણ સોમવારે જ થશે. ઉપરાંત શ્રાવણ માસ દરમ્યાન રક્ષાબંધન,જન્માષ્ટમી જેવા પવિત્ર તહેવારોથી સમગ્ર વાતાવારણ ધર્મમય બનશે.

**(આશુતોષ અંતાણી)**

-----------------------------------------------------------------

## શ્રાવણમાસ-સોમનાથ મહાદેવ ટ્રસ્ટ

ગુજરાતમાં આવેલા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં શ્રાવણ માસ દરમિયાન ભક્તોને હવે 25 રૂપિયામાં ઘરે બેઠા રૂદ્રાક્ષ, નમન અને ભસ્મ મળી રહેશે. શ્રી સોમનાથ ટ્રસ્ટે ફરી ભક્તો માટે માત્ર 25 રૂપિયામાં બિલ્વપૂજા સેવા શરૂ કરી છે.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------

## પેરિસ ઓલિમ્પિક-હોકી

પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં  ભારતીય પુરૂષ હોકી ટીમ ગ્રેટ બ્રિટનને હાર આપી સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

**(આશુતોષ અંતાણી/NP)**

-----------------------------------------------------------------

## ક્રિકેટ-ભારત-શ્રીલંકા-બીજી વન-ડે મેચ

કોલંમ્બો ખાતે રમાયેલી પ્રવાસી ભારત અને શ્રીલંકા વચ્ચેની બીજી એક દિવસીય આંતરાષ્ટ્રીય મેચમાં શ્રીલંકાએ ભારતને 32 રનથી પરાજીત કરી ત્રણ મેચની શ્રેણીમાં 1-0 થી સરસાઈ મેળવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રેણીની પ્રથમ વન ડે મેચ રોમાંચક ટાઈમાં પરિણમી હતી.

**(આશુતોષ અંતાણી/NP)**

-----------------------------------------------------------------